# માહિતી (મેળવવાના) અધિકાર અધિનિયમ- ૨૦૦૫

# પ્રોએકટીવ ડીસ્કલોઝર

# વર્ષ ૨૦૧૫-૨૦૧૬


**પ્રોજેકટ ડાયરેકટરશ્રીની કચેરી**

**અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી**

**લાલ બંગલાની પાછળ, નવરંગપુરા ટેલીફોન એક્ષચેન્જની પાસે**

**સી.જી.રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬**

**ફોન નંબર (૦૭૯) ૨૬૫૬૪૨૮૧, ૨૬૪૬૮૬૫૬**

**ફેકસ નંબર - )૦૭૯) ૨૬૪૦૯૮૫૭**

**Email :- ahmedabadmacs@gmail.com**

## પ્રકરણ -૧

## સંગઠન ની વિગતો, કાર્યો અને ફરજો

૧.૧ આ પુસ્તિકા (માહિતી અધિકાર અધિકાર અધિનિયમ-૨૦૦૬) ની પ્રશ્વાત ભૂમિકા અંગે જાણકારી :-

આ પુસ્તિકા (માહિતી અધિકાર અધિકાર અધિનિયમ-૨૦૦૬) ની કલમ ૪(ખ) અન્વયે ૧૭ પ્રકારની માહિતીનું સંકલન કરીને તૈયાર કરવામાં આવી છે.

**૧.૨ આ પુસ્તિકા નો ઉદ્દેશ /હેતુ :-**

આ પુસ્તિકાનો ઉદ્દેશ અમદાવાદ મ્યુનિ.કોર્પો એઈડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા નેશનલ એઈડ્સ કંટ્રોલ પ્રોગ્રામ અન્વયે થઈ રહેલ કામગીરીની માહિતી દર્શાવવાનો છે.

**૧.૩ આ પુસ્તિકા કઈ વ્યકિત /સંસ્થાઓ/સંગઠનો વગેરેને ઉપયોગી છેઃ-**

આ પુસ્તિકા માહિતી (મેળવવા) અધિકાર અધિનિયમ -૨૦૦૬ ના અમલ અન્વયે જરૂરી માહિતી મેળવવા સંબંધિત જાહેર જનતા તેમજ સમાજની કોઈપણ વ્યકિતઓ, સંસ્થાઓ અને સંગઠનોને ઉપયોગી છે.

**૧.૪ આ પુસ્તિકમાં આપેલ માહિતીનું માળખું :-**

આ પુસ્તિકામાં આપેલ માહિતીનું માળખુ નીચે મુજબ છે.

| **અ.નં.** | **વિગત** | **વિષય** | **પાના નંબર** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | પ્રકરણ -૧ | પ્રસ્તાવના | ૧-૫ |
| ૨ | પ્રકરણ -૨ (નિયમ સંગ્રહ -૪ખ-૧) | વ્યવસ્થા , તંત્ર, કાર્યો અને ફરજોની વિગતો | ૬-૯ |
| ૩ | પ્રકરણ -૩ (નિયમ સંગ્રહ- ૪ખ-૨) | અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો | ૧૦-૧૨ |
| ૪ | પ્રકરણ -૪ (નિયમ સંગ્રહ -૪ખ-૩) | દેખરેખ એ જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રકિયામાં અનુસરવાની કાર્યરીતી | ૧૩ |
| ૫ | પ્રકરણ -૫ (નિયમ સંગ્રહ -૪ખ-૪) | કાર્યો બજાવવા માટે નકકી કરેલા ધોરણો | ૧૩ |
| ૬ | પ્રકરણ -૬ (નિયમ સંગ્રહ -૪ખ-૫) | કાર્યો બજાવવા માટે સોસાયટી દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનીયમો, સૂચનાઓ, નિયમ સંગ્રહો અને રેકર્ડ | ૧૩ |
| ૭ | પ્રકરણ -૭ (નિયમ સંગ્રહ -૪ખ-૬) | સોસાયટી અથવા સોસાયટીના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવોજોના વર્ગોની વિગત | ૧૪-૧૫ |

| | | | |
|---|---|---|---|
| ૮ | પ્રકરણ -૮<br>(નિયમ સંગ્રહ -૪ખ-૭) | સોસાયટીની નિતી અથવા તેના અમલીકરણના ઘડતરના સંબધોમાં જનતાના સહયોગ સાથે વિચાર વિનિયમ માટે અથવા તેમના દ્વારા રજુઆત માટેની વિદ્વમાન કોઈ ગોઠવણી વિગતો | ૧૪-૧૫ |
| ૯ | પ્રકરણ -૯<br>(નિયમ સંગ્રહ -૪ખ-૮) | સોસાયટીના ભાગ તરીકે અથવા તેની સલાહના હેતુ માટે બે અથવા તેથી વઘુ વ્યકિતઓના બનેલા બોર્ડ, કાઉન્સીલ, સમિતીઓ અને બીજા મંડળોની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે કેમ ? અથવા તેની બેઠકોની કાર્યનોધો લોકોને મળવાપાત્ર છે કે કેમ | ૧૪-૧૫ |
| ૧૦ | પ્રકરણ -૧૦<br>(નિયમ સંગ્રહ -૪ખ-૯) | સોસાયટી હસ્તકના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી | ૧૬-૧૭ |
| ૧૧ | પ્રકરણ -૧૧<br>(નિયમ સંગ્રહ -૪ખ-૧૦ ) | સોસાયટીના નિયમોમા જોગવાઈ કર્યા પ્રમાણે વળતરની પઘ્ધતિ સહિત તેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતા માસિક વળતર | ૧૮-૧૯ |
| ૧૨ | પ્રકરણ -૧૨<br>(નિયમ સંગ્રહ -૪ખ-૧૧ ) | સોસાયટી હસ્તકની યોજનાઓ સમિતી ખર્ચ અને કરેલી વહેચણી પરના અહેવાલોની વિગતો | ૨૦ |
| ૧૩ | પ્રકરણ -૧૩<br>(નિયમ સંગ્રહ -૪ખ-૧૨ ) | ફાળવેલ રકમો અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો સહિત આર્થિક સહાય કાર્યક્રમોના અમલ - બજવણીની રીતે | ૨૧ |
| ૧૪ | પ્રકરણ -૧૪<br>(નિયમ સંગ્રહ -૪ખ-૧૩ ) | સોસાયટી એ આપેલ છુટછુટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારની વિગતો | ૨૧ |
| ૧૫ | પ્રકરણ -૧૫<br>(નિયમ સંગ્રહ -૪ખ-૧૪ ) | ઈલેકટ્રોનિકલ સ્વરૂપમાં તેને ઉપલબ્ધ હોય તો તેવા ગ્રંથાલય અથવા તેના વાંચનાલયના કામકાજના કલાકો સહિતની માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિઘાની વિગતો | ૨૧ |
| ૧૬ | પ્રકરણ -૧૬<br>(નિયમ સંગ્રહ -૪ખ-૧૫ ) | જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય તો તેવા ગ્રંથાલય અથવા તેના વાંચનાલયના કામ કાજના કલાકો સહિતની માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિઘાઓની વિગતો | ૨૨ |
| ૧૭ | પ્રકરણ -૧૭<br>(નિયમ સંગ્રહ -૪ખ-૧૬ ) | જાહેર માહિતી અધિકારીઓના નામો, હોદ્દાઓ અને વિગતો | ૨૨ |
| ૧૮ | પ્રકરણ -૧૮<br>(નિયમ સંગ્રહ -૪ખ-૧૬ ) | ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી પ્રસિઘ્ધ કરવી જોઈશે અને ત્યારપછી દર વર્ષ આ પ્રસિઘ્ધિઓને અઘયન કરવી જોઈશે | ૨૩ |

**૧.૫ વ્યાખ્યાઓ પુસ્તિકાઓ વારવામાં આવેલા જુદા જુદા શબ્દોની વ્યાખ્યા આપવા બાબત :-**

આ પુસ્તિકામાં આપવામાં આવેલ વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે.

એ.એમ.સી - એ.સી.એસ. - અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી

નાકો - નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓગ્રેનાઈઝેશન

એન.જી.ઓ.- નોન-ગર્વમેન્ટ ઓગ્રેનાઈઝેશન ( બિનસરકારી સંસ્થા)

એસઓઈ- સ્ટેટમેન્ટ ઓફ એકસપેન્ડીચર ( ખર્ચ પત્રક)

યુટીસી- યુટીલાઈઝેશન સર્ટીફીકેટ ( નાણા વપરાશ પ્રમાણપત્ર)

વીસીટીસી- વોલંટરી કાઉન્સેલીંગ ટેસ્ટીગ સેન્ટર

બીટીસી- બ્લડ ટેસ્ટીંગ સેન્ટર

એમઓબી- મોડર્નાઈઝેશન ઓફ બ્લંડ બેંક

પીપીટીસીટી- પ્રિવેન્શન ઓફ પેરન્ટસ ટુ ચાઈલ્ડ ટ્રાન્સમીશન

એસટીડી- સેકસ્યુઅલી ટ્રાન્સમીટેડ ડીસીઝીઝ( જાતિય રોગો)

બીસીએસયુ- બ્લડ કોમ્પોનન્ટ સેપરેશન યુનિટ

ઝેડબીટીસી- ઝોનલ બ્લડ ટેસ્ટીગ સેન્ટર

**૧.૬ જાહેર જનતા સમુદાયની કોઈપણ વ્યકિતઆ પુસ્તિકામાં આવરી લેવાયેલ વિષયો અને વઘુ માહિતી મેળવવા માગે તો સંપર્ક વ્યકિત :-**

જાહેર જનતા સમુદાયની કોઈપણ વ્યકિત આ પુસ્તિકામાં આવરી લેવાયેલ વિષયો અંગે વઘુ માહિતી મેળવવા ઈચ્છા ધરાવે તો તે માટે સંબંધિત વ્યકિતઓ અમદાવાદ મ્યુનિ.કોર્પો- એઈડ્સ કંટ્રોલ સોસાયટીના નીચે દર્શાવેલ અધિકારીનો કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક કરી શકશે.

મદદનીશ જાહેર અધિકારી - આસી.ડાયરેકટર(ફાઈનાન્સ)

જાહેર માહિતી અધિકારી- પ્રોજેકટ ડાયરેકટર

**૧.૭ આ પુસ્તિકમાં ઉપલબ્ધ ન હોય તેવી માહિતી મેળવવા માટેની કાર્યપધ્ધતિ અને ભરવાની થતી ફી :-**

કાર્ય પધ્ધતિ - આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તેવી માહિતી મેળવવા ઈચ્છા ધરાવતી કોઈપણ વ્યકિત અમ.મ્યુનિ.કોર્પો- એઈડ્સ કંટ્રોલ સોસાયટીની કચેરીમાં જાહેર માહિતી અધિકારી કે મદદનીશ જાહેર માહિતી અધિકારી તરીકે નિમણુંક પામેલ અધિકારીઓનો કામકાજના દિવસે અને સમય દરમ્યાન સંપર્કે કરી શકશે. જાહેર માહિતી અધિકારી તેમજ મદદનીશ જાહેર અધિકારી તરીકે નિમાયેલ અધિકારીઓની વિગતો આ પુસ્તિકામાં જ પ્રકરણ નં -૧૭ હેઠળ અધિનિયમની કલમ ૪(ખ) (૧૬) અન્વયે પાનાન ૨૨ ઉપર દર્શાવેલ છે.

**ફી -** ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત સરકારશ્રી તરફથી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા. ૫.૧૦.૦૫ ના અધિસૂચના ક્રમાંક જીએસ-૩૦-૨૬૬૪-આરટીઆઈ-સેલમાં નકકી થયા પ્રમાણે નીચે દર્શાવ્યા પ્રમાણેની ફી ભરવાની રહેશે.

(અ) અરજીની ફી - રૂા. ૨૦.૦૦ પ્રતિ અરજી દીઠ

(બ) અન્ય ફીના દર

(૧) પ્રસિધ્ધ થયેલ બુકસેટ /દસ્તાવેજની બુકલેટ/ દસ્તાવેજની પ્રસિધ્ધી કિમંત

(૨) અન્ય માહિતી / દસ્તાવેજ

| | | | |
|---|---|---|---|
| (ક) | એ-૪, એ-૩ સાઈઝના પેપર | - | પ્રત્યેક પેપર દીઠ રૂા. ૨.૦૦ |
| (ખ) | ખોટી સાઈઝ ના પેપર જેટલી માહિતી | - | પ્રત્યેક પેપર દીઠ થયેલ ખર્ચ જેટલી કિંમત |
| (ગ) | નમૂના મોડલ ક ફોટોગ્રાફી માટે | - | પ્રત્યેક દીઠ થયેલ ખર્ચ જેટલી રકમ |
| (ઘ) | ઓફીસ રેકર્ડ ચકાસણી પેટે | - | શરૂઆતના અડધા કલાક જેટલા સમયની કોઈ ફી નહી. ત્યાબાદ પ્રત્યેક અડધા કલાક દીઠ રૂા. ૨૦.૦૦ ના દરે |
| | ઓફીસ દર અને સમય ધોરણે ચાલુ રહેશે લાગુ પડશે | - | ટીપ્પણ - જે ખાતા કચેરીઓમાં રેકર્ડમાં ચકાસણી હાલ જે નકકી થયેલ હોય જે તે જ પરિણામે ઉપર ટાંકેલ ધોરણે નહી. |
| (ચ) | જે કિસ્સામાં શકય હોય તેવા કિસ્સામાં - ફલોપી કે ડીસ્ક દ્વારા પૂરી પાડવાની માહિતી અંગે ના કિસ્સામાં | | પ્રતિ ફલોપી કે ડીસ્ટ દીઠ રૂા. ૫૦/- ના ધોરણે |

## પ્રકરણ -૨

## નિયમ સંગ્રહ ૪- ખ-૧

## સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો

અમદાવાદ શહેરમાં એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ અમલીકરણ માટે વિશ્વબેંક તેમજ બ્રિટીશ હાઈ કમિશનના ડીએફઆઈડી- ડીપાર્ટમેન્ટ ફોર ઈન્ટર નેશનલ ડેવલપમેન્ટ તરફથી ભારત સરકારના આરોગ્ય મંત્રાલય નવી દિલ્હી હસ્તકના નાકો- નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન મારફતે મળતી નાણાંકીય સહાયથી અમદાવાદ મ્યુનિ.કોર્પો - એઈડ્સ કંટ્રોલ સોસાયટીના સ્વાયત સંસ્થા તરીકે ૧૯૯૭-૯૮ થી હાલ અમદાવાદ ખાતે લાલ બંગલા પાછળ, નવરંગપુરા ટેલીફોન એક્ષચેન્જ પાસે, અમદાવાદ - ૩૮૦૦૦૯ સ્થળે કાર્યરત છે. આ સોસાયટીની રચના અમ.મ્યુનિ.કોર્પો. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૧૯૯૭-૯૮ માં થયેલ ઠરાવ અન્વયે થયેલ છે. આ સોસાયટીના વડા તરીકે પ્રોજેકટ ડાયરેકટરશ્રી છે. જેમના નિયંત્રણ હેઠળ નીચે દર્શાવ્યા પ્રમાણે અધિકારીઓ અને અન્ય કર્મચારીગણનું વહીવટી માળખુ અસ્તિત્વમાં છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પ્રોજેકટ ડાયરેકટરશ્રી | - | ૧ | સોસાયટીના વડા |
| ૨. | ડે.ડાયરેકટરશ્રી (બ્લડ શેફટી) | - | ૧ | |
| ૩. | ડે.ડાયરેકટર શ્રી (આઈ.ઈ.સી.) | - | ૧ | |
| ૪. | ડે.ડાયરેકટર શ્રી(ટી.આઈ.) | - | ૧ | |
| ૫. | આસી.ડાયરેકટરશ્રી (ફાયનાન્સ) | - | ૧ | |
| ૬. | કન્સલ્ટન્ટ( યુથ એન્ડ મેઈનસ્ટમીંગ) | - | ૧ | |
| ૭. | મોનીટરીગ એન્ડઈવેલ્યુએશન ઓફીસરશ્રી | - | ૧ | |
| ૮. | સ્ટોર ઓફિસરશ્રી | - | ૧ | |
| ૯. | ફાયનાન્સ આસી. | - | ૧ | |
| ૧૦. | પ્રોકયોરમેન્ટ આસીસ્ટન્ટ | - | ૧ | |
| ૧૧. | પર્સનલ આસીસ્ટન્ટ | - | ૧ | |
| ૧૨. | એડમીન આસીસ્ટન્ટ | - | ૧ | |
| ૧૩. | ડીવીઝનલ આસીસ્ટન્ટ | - | ૩ | |
| ૧૪. | મેસેન્જર | - | ૧ | |

સોસાયટી હસ્તકના ઉપર દર્શાવેલ અધિકારી / કર્મચારીઓની કાર્ય અને ફરજો માટે સંબંધિત અધિકારીઓની વહીવટી માળખાની વિગત દર્શાવતો ચાર્ટ પાના...... ઉપર દર્શાવેલ છે. આ અધિકારીઓ / કર્મચારીઓ સામુહિક રીતે અમદાવાદ શહેરમાં એઈડ્સ વિષયક સંબંધિત તાંત્રિક વિભાગ - યુનિટ મારફતે જનસમુદાયમાં આ રોગની ભયાનકતા અંગે વધુને જાગૃતિ લાવવા ઉપરાંત રોગ થવાના કારણો, લક્ષણો અને સાવચેતી તે જ સઘન સારવાર ઉપલબ્ધી અંગેની સંબંધિત કાર્યવાહી કરે છે.

એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ અન્વયે અમ.મ્યુનિ.કોર્પો . ના આરોગ્ય તબીબી અને સેવાઓ અને તબીબી શિક્ષણ સેવાઓના સહયોગથી આ વિભાગો હસ્તકની શહેરની મ્યુનિ.હોસ્પીટલોમાં બ્લડ બેંકોની સુવિધા ઉપલબ્ધ કરીને એઈડ્સ નિયંત્રણ અંગેની કામગીરી થાય છે.

આ રાષ્ટ્રીય કાર્યક્રમમાં શહેરની મોટા ભાગની સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત માન્ય બ્લડબેંકોના સહયોગથી પણ એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ કામગીરી થઈ રહી છે.

૧૯૯૭-૯૮ પહેલાં એઈડ્સ નિયંત્રણની કામગીરી રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના આરોગ્ય કમિશ્નરશ્રી દ્વારા સ્ટેટ એઈડ્સ સેલ તરીકે વર્ષ ૧૯૯૨ થી ૧૯૯૭-૯૮ સુધી થતી હતી.

એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ આ સોસાયટી દ્વારા નીચે દર્શાવેલ યોજનાકીય કામગીરી થઈ રહેલ છે.

**૧. લક્ષિત દરમ્યાનગીરી નો કાર્યક્રમ :-**

શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ જોખમી જૂથોમાં વિવિધ લક્ષિત દરમ્યાન ગીરી સાથે સંકળાયેલ હોવાના

કારણે અમદાવાદ શહેરમાં સૌથી લેીત દરમ્યાનગીરી કાર્યક્રમનું આયોજન અને અમલીકરણ થાય છે.

**૨. સુરક્ષિત લોહી :-**

રકત સલામતી કાર્યક્રમ હેઠળ અમદાવાદ મ્યુનિ.કોર્પો,એઈડ્સ કંટ્રોલ સોસાયટી તેમજ ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર બ્લડ ટ્રાન્સફંયુઝન સાથે સંલગ્ન બ્લડબેંકો તરફથી રકત એકઠું કરવાની પ્રકિયામાં સને ૧૯૯૪ થી શરૂ કરવામાં આવી જેમાં ઉત્તરોત્તર વધારો થતો રહેલ છે.

### ૩. સ્વૈચ્છિક સંપરામર્શ અને પરીક્ષણ કેન્દ્ર :-

શહેરની સરકારી તેમજ કોપોરેશન હસ્તકની હોસ્પિટલોમાં સ્વૈચ્છિક પરામર્શ અને પરીક્ષણ કેન્દ્રો ચાલી રહ્યા છે. જેમાં લોહીની નમુનાની એચ.આઈ.વી. તપાસ કરવામાં આવે છે તેમજ તપાસ પહેલા અને તપાસ પછીનુ સંપરામર્શ પુરુ પાડવામાં આવે છે.

### ૪. માતા -પિતાથી તેના બાળકને લગતા ચેપને અટકાવવા માટેનો કાર્યક્રમ :-

શહેરી કક્ષાની સરકારી તેમજ મ્યુનિ.કોર્પોરેશન હસ્તકની હોસ્પીટલમાં આ કાર્યક્રમ માટે પીપીટીસીટી કેન્દ્રો (પ્રિવેન્ટશન ઓફ પેરન્ટસ ટુ ચાઈલ્ડ ટ્રાન્સમીશન ડીસીઝ) ચાલે છે. જેમાં એચ.આઈ.વી. પોઝીટીવ સગર્ભા માતા અને તેના બાળકને આ કેન્દ્ર મારફતે તપાસ તથા નિવીરેપીન નામક દવા આપવાનો કાર્યક્રમ ચાલે છે.

### ૫. એચ.આઈ.વી /એઈડ્સ વિષયક તાલીમ કાર્યક્રમ :-

શહેરમાં આવેલ તમામ સરકારી તેમજ મ્યુનિ.કોર્પોરેશન હસ્તકની હોસ્પીટલમાં એચઆઈવી /એઈડ્સ નો ચેપ ધરાવતા અને એઈડ્સ ના દર્દીને તકવાદી રોગોની પુરતી સારવાર અને સહાય મળી રહે તે માટે એચઆઈવી /એઈડ્સ અને જાતિય રોગોની અધતન જાણકારી અને પ્રશિક્ષણ મળી રહે તે માટે આ સોસાયટી દ્વારા સમયાંતરે ડોકટરો નર્સ અને આરોગ્ય કાર્યકરોને તાલીમ વર્ગમાં તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે.

### ૬. સ્કુલ એઈડ્સ એજયુકેશન કાર્યક્રમ :-

સ્કુલ એઈડ્સ એજયુકેશન કાર્યક્રમ હેઠળ રાજયમા કક્ષા ૯ અને ૧૧ ધોરણમાં અભ્યાસ કરતા વિઘાર્થીઓને એચઆઈવી - એઈડ્સ વિષય અંગેની જાણકારી તેમજ શિક્ષણ આપવામાં આવે છે. હાલમાં એપ્રિલ ૨૦૦૬ થી આ કાર્યક્રમ ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ઓફ એજયુકેશન રીસર્ચ એન્ડ ટ્રેનીગ (જીસીઈઆરટી) ને સોપવામાં આવેલ છે.

## ૭. જનજાગૃતિ કાર્યક્રમ :-

જનસમુદાયમાં એચઆઈવી /એઈડ્સ વિષયક જાણકારી અંગેની સાચી સમજ મળી રહે તેમજ ગેરમાન્યતાઓ દુર થાય તે માટે વિવિઘ પ્રચાર અને પ્રસાર માઘ્યમોના ઉપયોગ દ્વારા લોકોમાં જાગૃતિ આવે તે માટે કાર્યક્રમો આપવામાં આવે છે. રેડીયો, ટીવી, પ્રીન્ટ મીડીયા, લોકમાઘ્યમોના કાર્યક્રમો આયોજીત કરીને તેમજ આંતર વ્યકિત સંચાર જેવા વિવિઘ માઘ્યમોથી એચ.આઈ.વી./એઈડ્સ રોગ અંગે જાગૃતિ લાવવા માટે કાર્યક્રમો આયોજીત કરવામાં આવેલ છે. તેમજ આ તમામ માહિતી અમ.મ્યુનિ.કોર્પો. ની વેબસાઈટ ઉપર પણ મુકેલ છે.

અમ.મ્યુનિ.કોર્પો એઈડ્સ કંટ્રોલ સોસાયટી , અમદાવાદ ખાતે માહિતી મેળવવા અધિકારી અધિનિયમ-૨૦૦૫ હેઠળ નીચે પ્રમાણેનું વ્યવસ્થાતંત્ર ઉપલબ્ધ છે. સોસાયટીની કચેરી નીચના સરનામે કાર્યરત છે.

**પ્રોજેકટ ડાયરેકટરશ્રીની કચેરી**

**અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી**

**લાલ બંગલાની પાછળ, નવરંગપુરા ટેલીફોન એક્ષચેન્જની પાસે**

**સી.જી.રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬**

**ફોન નંબર (૦૭૯) ૨૬૫૬૪૨૮૧, ૨૬૪૬૮૬૫૬**

**ફેકસ નંબર - )૦૭૯) ૨૬૪૦૯૮૫૭**

**Email :- ahmedabadmacs@gmail.com**

| | | |
|---|---|---|
| **જાહેર મદદનીશ માહિતી અધિકારી** | - | **આસી.ડાયરેકટર(ફાઈનાન્સ)** |
| **જાહેર માહિતી અધિકારી** | - | **પ્રોજેકટ ડાયરેકટર** |
| **એપેલેન્ટ ઓથોરીટી** | - | **આરોગ્ય અધિકારીશ્રી અ.મ્યુનિ.કોર્પો.** |

## પ્રકરણ - ૩

## નિયમ સંગ્રહ - ૪ -ખ-૨

## અધિકારીઓ /કર્મચારીઓ ની સત્તાઓ અને ફરજો

**૩.૧ સોસાયટી હસ્તકના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો ની વિગત નીચે પ્રમાણે છે.**

**(૧) પ્રોજેકટ ડાયરેકટરશ્રી :-**

તેઓ સોસાયટીના વડા હોઈ સંસ્થાના એટલે કે ખાતાના વડા તરીકેની તમામ વહીવટી અને નાણાંકીય સત્તાઓ ધરાવે છે. ઉપરાંત સોસાયટી ગર્વનીગ બોડી દ્વારા બેઠકમાં અપાયેલ વિશેષ સત્તાઓ પણ ધરાવે છે. જેમાં સોસાયટીના વહીવટી માળખા ઉપરના સમગ્ર સંવર્ગો ઉપર નિમણુંક કરવાની સત્તા ઉપરાંત તેવા અધિકારી/ કર્મચારીઓની સેવા સલંગ્ન તમામ પ્રકારની વહીવટી અને નાણાંકીય સત્તાઓ.

ખાતાના વડાની રૂએ - ઉપરાંત ગવર્નીંગ બોડી દ્વારા અપાયેલ નાણાંકીય સત્તાઓ જેમાં એચ.આઈવી / એઈડ્સ વિષયક કાર્યક્રમો સાથે સંકળાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓને નાણાંકીય અનુદાન આપવાની સત્તા .

એચઆઈવી / એઈડ્સ કાર્યક્રમના અમલીકરણ માટે શહેરમાં આવેલ અન્ય પ્રતિષ્ઠિત સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ અને સહકાર મેળવવાની કાર્યવાહી પણ સોસાયટીના વડા તરીકે પ્રોડેકટ ડાયરેકટરશ્રી હાથ ધરાય છે.

**(૨) ડે.ડાયરેકટર શ્રી ( સુરક્ષિત લોહી) :-**

સોસાયટી દ્વારા ચાલી રહેલ રકત સલામતી કાર્યક્રમના અમલીકરણમાં તજજ્ઞ અધિકારી તરીકે આ કાર્યક્રમને સંલગ્ન તમામ દરખાસ્તોની પૂર્વ ચકાસણી અંગેની કામગીરી -ફરજો બજાવવાની રહેશે.

**(૩) ડે.ડાયરેકટર શ્રી ( આઈઈસી ) :-**

એચઆઈવી / એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળના વિવિઘ પ્રોગ્રામોને અનુરૂપ પ્રચાર અને પ્રસાર માઘ્યમની સફળતાપૂર્વક કામગીરી માટે પ્રોજેકટ ડાયરેકટરશ્રીના માર્ગદર્શન અને સલાહ મુજબ કામગીરી બજાવવાની રહેશે.

**(૪) ડે.ડાયરેકટર શ્રી ( ટારગેટેડ ઈન્ટરવેન્શન):-**

એચઆઈવી / એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વિવિઘ પ્રોજેકટમાં શહેરભરમાંથી સ્વૈચ્છિક સંસ્થાઓને સાંકળીને તેઓને અપાતા - મંજુર કરતાં આયોજન અને નિયત કરાયેલ માપદંડ પ્રમાણેની કામગીરી થતી રહે, તે માટે નિરીક્ષણ અને સમયાંતરે સ્થળ ઉપરની મુલાકાત અને ચકાસણી બાદ જરૂરી સુચનો સહિત સફળતાપૂર્વક કાર્યક્રમ ચાલે તે માટે આ અધિકારીશ્રીએ પ્રોજેકટ ડાયરેકટરશ્રીના માર્ગદર્શન અને સલાહ સુચન મુજબ ફરજ બજાવવાની રહેશે.

**(૫) કન્સલ્ટન્ટ ( યુથ એન્ડ મેઈનસ્ટ્રીમીગ)**

એચઆઈવી / એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વિવિઘ પ્રોજેકટમાં શાળા કોલેજો તથા સરકારી, અધસરકારી અને ખાનગી સૅસ્થાઓ સાથે જોડાઈને એચઆઈવી / એઈડસ જાગૃતિ અંગેની કામગીરી કરવામા/ આવે છે. મેઈનસ્ટમીંગની સફળતાપૂર્વક કામગીરી માટે પ્રોજેકટ ડાયરેકટરશ્રીના માર્ગદર્શન અને સલાહ મુજબ કામગીરી બજાવવાની રહેશે.

**(૬) પ્રોકયોરમેન્ટ ઓફીસરઃ-**

એચઆઈવી / એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વિવિઘ પ્રોગ્રામમાં હોસ્પિટલ તેમજ આ કાર્યક્રમ સાથે સંકળાયેલ સંસ્થાઓમાં વિશ્વબેંક પ્રસ્થાપિત નાકો નવી દિલ્હી દ્વારા વખતો વખત મળતા પરિપત્રો /સૂચનો અનુસાર ખરીદ પધ્ધતિ અનુસાર સાધન /સામગ્રી જે તે હોસ્પીટલ / સંસ્થાને ખરીદ કરાઈને પૂરી પડાય તે અંગેની પ્રસ્થાપિત કાર્યપધ્ધતિને લગતી કામગીરી પ્રોજેકટ ડાયરેકટરશ્રીની પૂર્વ મંજુરીથી તેમના માર્ગદર્શન અને સલાહ મુજબની કામગીરી આ અધિકારીશ્રીએ કરવાની રહે છે.

**(૭) આસી.ડાયરેકટર (ફાઈનાન્સ):-**

આસી.ડાયરકેટર(ફાઈનાન્સ)શ્રીએ સોસાયટી દ્વારા ચાલી રહેલ એચઆઈવી / એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ યોજનાઓને અનુરુપ નાણાંકીય બાબતોને લગતી તમામ કામગીરી તેમના ઉચ્ચ અધિકારીની સલાહ સૂચન અને માર્ગદર્શન મુજબની કામગીરી બજાવવાની રહેશે.

**(૮) મોનીટરીગ એન્ડ ઈવેલ્યુએશન ઓફીસર :-**

મેનીટરીગ એન્ડ ઈવેલ્યુએશન ઓફીસરશ્રીએ એઈડ્સ કંટ્રોલ નિયમત્રણ પ્રોગ્રામ હેઠળ મંજુર થયેલ વાર્ષિક કાર્યક્રમ પ્રમાણે વિવિઘ યોજનાઓનું આયોજન પ્રમાણે અમલીકરણ અને લક્ષ્યાંક સહીત કામગીરી પ્રોજેકટ ડાયરેકટરશ્રીની માર્ગદર્શન હેઠળ ફરજ બજાવવાની રહે છે.

**(૯) સ્ટોર ઓફિસરઃ-**

સ્ઠોર ઓફિસર સંવર્ગના કર્મચારી એચઆઈવી /એઈડ્સ નિયંત્રણ હેઠળ જુદા જુદા પ્રોજેકટ અન્વયે હોસ્પિટલોમાં એચઆઈવી / એઈડ્સના દર્દીઓની તેમજ જાતિય રોગોના દર્દીઓની સારવાર માટે ઉપયોગમાં લેવાતી દવાઓ, કિટસ, કન્ઝયુબેબલ અને પરચુરણ આઈટમ, કોન્ડોમ, ડેડસ્ટોક આઈટમ વગેરેની સ્ટોર સબધીત અંગેની કાર્યવાહી પ્રોજેકટ ડાયરેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવાની રહે છે.

**(૧૦) એડમીન આસીસ્ટન્ટઃ-**

એડમીનીસ્ટ્રેટીવ આસીસ્ટન્ટન અને હ્યુમન રીસર્ચનીને લગતી કામગીરી પ્રોજેકટ ડાયરેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ વહીવટને લગતી કામગીરી બજાવે છે.

**(૧૧) સોસાયટી હસ્તક વર્ગ - ૩ સંવર્ગ ના કર્મચારીઓ :-**

જે તે ખાતના વડાના માર્ગદર્શન હેઠળ અને તે જ પ્રમાણેની વહીવટી સંવર્ગના વર્ગ -૩ ના કર્મચારીઓ પ્રોજેકટ ડાયરેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ વહીવટને લગતી કામગીરી બજાવે છે.

## પ્રકરણ - ૪

## નિયમ સંગ્રહ - ૪ -ખ-૩

## માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રકિયામાં અનુસરવાની કાર્યરતી

એચ.આઈ.વી / એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વિવિધ પ્રવૃતિઓ અંગેની કામગીરી માટે ભારત સરકાર, નવી દિલ્હી હસ્તકના નાકો (નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓગેનાઈઝેશન) તરફથી વખતોવખતના મળતી રહેતી સુચનાઓ /પરિપત્રો અનુસાર કામગીરી થતી રહે છે.

આ કામગીરીના ભાગરૂપે નિતિવિષયક નિર્ણયો લેવા માટે સોસાયટીની રચના કરવા અંગેના સરકારી આદેશમાં નિર્દેશ કરાયા મુજબ શહેર કક્ષાએ ગર્વનીગ બોડીની રચના કરવામાં આવેલ છે.

## પ્રકરણ - ૫

## નિયમ સંગ્રહ - ૪ -ખ-૪

## પોતાના કાર્યો બજાવવા માટે પોતે નકકી કરેલ ધોરણો

એચ.આઈ.વી / એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વિવિધ પ્રવૃતિઓ અંગેની કામગીરી બજાવવા સોસાયટી દ્વારા પોતાના કોઈ અલાયદા ધોરણો નકકી કરાયેલ નથી. પરંતુ ભારત સરકાર નાકો નવી દિલ્હી હસ્તકના નાકો -નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન તરફથી મળતી રહેતી સુચનાઓ અને પરિપત્રોને આધીન નિયત કરાયેલ કામગીરી થતી રહે છે.

## પ્રકરણ - ૬

## નિયમ સંગ્રહ - ૪ -ખ-૫

**પોતાના કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા પોનાતાન નિયંત્રણ હેઠળના અથવા પોતાના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનીયમો, સુચના, નિયમ સંગ્રહો અને રેકર્ડ :-**

એચ.આઈ.વી / એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વિવિધ પ્રવૃતિઓને લગતી કામગીરી માટે સોસાયટીના પોતાના કોઈ ચોકકસ નિયમો, સંગ્રહ કે વિનીયમો નકકી કરાયેલ નથી. પરંતુ ભારત સરકાર નવી દિલ્હી હસ્તકના નાકો નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓગેનાઈઝેશન તરફથી મળતી રહેતી સુચનાઓ અને પરિપત્રો અનુસાર નિયત કરાયેલ કામગીરી થતી રહે છે. તદઉપરાંત જે કિસ્સામાં સોસાયટીના પોતાના કોઈ નિયમો

નકકી થયેલ ન હોય, તેવા કિસ્સાઓમાં અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનશ્રીના સંબંધિત નિયમોને આધીન કાર્યવાહી થાય છે.

## પ્રકરણ - ૭

## નિયમ સંગ્રહ - ૪ -ખ-૬

## પોતાની પાસે અથવા પોતાના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગોનું પત્રક

એચ.આઈ.વી / એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વિવિધ પ્રવૃતિઓની કામગીરી અન્વયે , સોસાયટી દ્વારા કોઈ અલાયદા ડોકયુમેન્ટસ પ્રસિધ્ધ કરવામાં આવેલ નથી કે નકકી થયેલ નથી.

## પ્રકરણ - ૮

## નિયમ સંગ્રહ - ૪ -ખ-૭

## સોસાયટીના નીતિ અથવા તેના અમલીકરણના ઘડતરના સંબંધમાં જનતાના સભ્યો સાથે વિચાર વિનીયમ માટે અથવા તેમના દ્વારા રજુઆત માટેની વિઘમાન કોઈ ગોઠવણી વિગતો :-

એચ.આઈ.વી / એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ પ્રવૃતિઓને લગતી કામગીરી માટે આ સોસાયટી સાથે સંકળાયેલ પ્રોજેકટ સપોર્ટ યુનિટ કાર્યરત છે. જે સંસ્થા શહેરભરની સ્વૈચ્છિક સંસ્થાઓને આ કાર્યક્રમમાં રસ ધરાવતી હોય તેઓને અપાયેલ પ્રોજેકટ પ્રમાણેની કામગીરીનું નિરીક્ષણ અને ચકાસણી તે સંસ્થાના અધિકારીઓ દ્વારા કરાવે છે. આમ સમયાંતરે પ્રસંગોપાત જનતાના સભ્યો તરફથી પૃચ્છા થાય તેવા સમયે જરૂરી વિગતોથી તેઓને માહિતગાર કરવામાં આવે છે.

## પ્રકરણ - ૯

## નિયમ સંગ્રહ - ૪ -ખ-૮

## સોસાયટીના ભાગ તરીકે અથવા તેની સલાહ ના હેતુ માટે બે અથવા તેની વઘુ વ્યકિતઓના બનેલ બોર્ડ કાઉન્સીલો, સમિતિઓ અને બીજા મંડળની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે કેમ અથવા તેવી બેઠકોની કાર્યનોંઘો લોકોને મળવાપાત્ર છે કે કેમ

એચ.આઈ.વી / એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમની રોજબરોજની કામગીરી વધુ સંગીન રીતે થઈ શકે તે માટે રાજય સરકારે સોસાયટી માટે ગર્વનીગ બોડીની રચના કરવા માટે આદેશો કરેલ છે. જેમાં નીચે દર્શાવેલ અધિકારીઓ / સદસ્યોને ગર્વનીગ બોડીના સભ્યો તરીકે નિયકુત કરવામાં આવેલ છે.

૧. મ્યુનિ.કમિશ્નરશ્રી , અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

૨. ડેપ્યુટી મ્યુનિ.કમિશ્નરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

૩. ડેપ્યુટી મ્યુનિ.કમિશ્નરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

૪. એમ.ઓ.એચ.શ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

૫. પ્રોજેકટ ડાયરેકટરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી

૬. પી.એલ.ડબલ્યુ. એ પ્રતિનીધી

૭. બે એનજીઓ પ્રતિનીધી

૮. પ્રોજેકટ ડાયરેકટરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી

સોસાયટીની ઉપરોકત કમિટીની આ મિટીગમાં નિતીવિષયક બાબતોના મુદ્દાઓની ચર્ચા થયા બાદ જે કોઈ આખરી નિર્ણય થાય તે અંગેની બેઠકની કાર્યવાહીની વિગતો દર્શાવતો પરિપત્ર તમામ સભ્યોને જાણકારી માટે અને અમલીકરણ માટે  અને અમલીકરણ માટે મોકલવાની હોતી નથી.

**પ્રકરણ - ૧૦**

**નિયમ સંગ્રહ - ૪ -ખ-૯**

**તેના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા :-**

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી હસ્તકના અધિકારીઓ / કર્મચારીઓની વિગતો નીચે પ્રમાણે છે.

| અ.નં. | નામ અને હોદ્દો | ફોન નંબર |
|---|---|---|
| ૧ | ડૉ.ઉમેશ એન.ઓઝા<br>પ્રોજેક્ટ ડાયરેક્ટર<br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | ૨૬૪૦૯૮૫૭ |
| ૨ | શ્રી રાજેશભાઈ ગુમાને<br>ડે.ડાયરેક્ટર (આઈઈસી)<br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | ૨૬૪૬૮૬૫૩ |
| ૩ | શ્રીમતી જીગ્નાશાબેન પંચાલ<br>ડે.ડાયરેક્ટર (ટી.આઈ.)<br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | ૨૬૪૬૮૬૫૩ |
| ૪ | શ્રીમતી સ્વાતિબેન પંડીત<br>આસી.ડાયરેક્ટર(ફાઈનાન્સ)<br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | ૨૬૪૬૮૬૫૩ |
| ૫ | શ્રી વિવેકભાઈ મકવાણા<br>સ્ટોર ઓફીસર<br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | ૨૬૪૬૮૬૫૩ |
| ૬ | શ્રી પવનભાઈ ભારદ્વાજ<br>કન્સલ્ટન્ટ( યુથ એન્ડ મેઈનસ્ટમીંગ) | ૨૬૪૬૮૬૫૩ |

| | | |
|---|---|---|
| | અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | |
| ૭ | શ્રી વી.રાજન અય્યર , પી.એ.ટુ. પ્રોજેકટ ડાયેરકટર<br><br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | ૨૬૪૬૮૬૫૩ |
| ૮ | શ્રી દેવાંગભાઈ શેઠ<br><br>પ્રોકયોરમેન્ટ આસીસ્ટન્ટ<br><br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | ૨૬૪૬૮૬૫૩ |
| ૯ | શ્રીમતી મોનાલીબેન શાહ<br><br>ડીવીઝનલ આસીસ્ટન્ટ<br><br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | ૨૬૪૬૮૬૫૩ |
| ૧૦ | શ્રી રાકેશભાઈ પટેલ<br><br>ડીવીઝનલ આસીસ્ટન્ટ<br><br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | ૨૬૪૬૮૬૫૩ |
| ૧૧ | ક્રિશ્ચિયન આના એસ.<br><br>ડિવીઝનલ આસીસ્ટન્ટ<br><br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | ૨૬૪૬૮૬૫૩ |
| ૧૨ | શ્રી મકવાણા દિનેશભાઈ<br><br>મેસેજર, અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | ૨૬૪૬૮૬૫૩ |

**પ્રકરણ - ૧૧**

**નિયમ સંગ્રહ - ૪ -ખ-૧૦**

**સોસાયટીના નિતી નિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે વળતરની પધ્ધતિ સહીત તેની દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતા માસિક પગાર ધોરણ :-**

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી હસ્તક ના અધિકારીઓ / કર્મચારીઓને મળતા માસિક પગાર ધોરણની વિગત નીચે પ્રમાણે છે.

| **અ.નં.** | **નામ અને હોદ્દો** | **કઈ પધ્ધતિથી નિમાયા** | **પગાર ધોરણ** |
|---|---|---|---|
| ૧ | ડૉ.ઉમેશ એન.ઓઝા<br>પ્રોજેકટ ડાયરેકટર<br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | અમ.મ્યુનિ.કોર્પો માંથી પ્રતિનિયુક્તિના ધોરણે | ૧૦૦૦૦-૧૫૨૦૦ |
| ૨ | શ્રી રાજેશભાઈ ગુમાને<br>ડે.ડાયરેકટર (આઈઈસી)<br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | કરારબંધ નિમણુંક | રૂા. ૪૦૦૦૦/- |
| ૩ | શ્રીમતી જીગ્નાશાબેન પંચાલ<br>ડે.ડાયરેકટર (ટી.આઈ.)<br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | કરારબંધ નિમણુંક | રૂા. ૩૬૦૦૦/- |
| ૪ | શ્રીમતી સ્વાતિબેન પંડીત<br>આસી.ડાયરેકટર(ફાઈનાન્સ)<br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | કરારબંધ નિમણુંક | રૂા. ૨૫૦૦૦/- |
| ૫ | શ્રી વિવેકભાઈ મકવાણા<br>સ્ટોર ઓફીસર<br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | કરારબંધ નિમણુંક | રૂા. ૨૫૦૦૦/- |
| ૬ | શ્રી પવનભાઈ ભારદ્વાજ<br>કન્સલ્ટન્ટ( યુથ એન્ડ મેઈનસ્ટમીંગ) | કરારબંધ નિમણુંક | રૂા. ૨૫૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| | અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | | |
| ૭ | શ્રી વી.રાજન અય્યર , પી.એ.ટુ. પ્રોજેકટ ડાયેરકટર<br><br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | કરારબંધ નિમણુંક | રૂા. ૨૦૦૦૦/- |
| ૮ | શ્રી દેવાંગભાઈ શેઠ<br><br>પ્રોકયોરમેન્ટ આસીસ્ટન્ટ<br><br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | કરારબંધ નિમણુંક | રૂા. ૧૯૦૦૦/- |
| ૯ | કિશ્ચિયન આના એસ.<br><br>ડિવીઝનલ આસીસ્ટન્ટ (આઈઈસી)<br><br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | કરારબંધ નિમણુંક | રૂા.૧૭૦૦૦/- |
| ૧૦ | મોનાલી આર.શાહ<br><br>ડિવીઝનલ આસીસ્ટન્ટ (ટી.આઈ.)<br><br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | કરારબંધ નિમણુંક | રૂા.૧૭૦૦૦/- |
| ૧૧ | રાકેશભાઈ એમ.પટેલ<br><br>ડિવીઝનલ આસીસ્ટન્ટ (આઈસીટીસી)<br><br>અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | કરારબંધ નિમણુંક | રૂા.૧૭૦૦૦/- |
| ૧૨ | શ્રી મકવાણા દિનેશભાઈ<br><br>મેસેજર, અમ.મ્યુનિ.કોર્પો-એઈડ્સ કંટ્રોલ સોસાયટી | કરારબંધ નિમણુંક | રૂા. ૬૫૦૦/ |

## પ્રકરણ - ૧૨

## નિયમ સંગ્રહ - ૪ -ખ-૧૧

**તમામ યોજનાઓ સૂચિત ખર્ચ અને કરેલ વહેંચણી પરના અહેવાલની વિગતો દર્શાવતી દરેક એજન્સીને ફાળવાયેલ અંદાજ પત્ર :-**

એચઆઈવી/એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન વિવિધ પ્રવૃતિઓની કામગીરી માટે નીચે દર્શાવેલ વિગતો પ્રમાણે ભારત સરકાર નવી દિલ્હીના નાકો - નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન તરફથી સુચિત ખર્ચ માટે રકમ મંજુર થયેલ છે.

| ક્રમ | યોજના ઘટક | નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (નાકો) સહાયિત રૂપિયા (લાખમાં) | | કુલ |
|---|---|---|---|---|
| | | **Pool Fund** | **GFATM RCC-II** | |
| ૧ | ટી.આઈ. | ૩૭૦.૪૦ | - | ૩૭૦.૪૦ |
| ૨ | આઈ.ઈ.સી. | ૧૨૨.૩૩ | - | ૧૨૨.૩૩ |
| ૩ | સ્ટ્રેન્ધીગ સ્ટ્રેટજીક ઈન્ફોર્મેશન | ૮૧.૦૫ | - | ૮૧.૦૫ |
| ૪ | સીમ્સ | - | ૦.૧૯ | ૦.૧૯ |
| ૫ | આઈ.સી.ટી.સી. | - | ૧૧૫.૬૭ | ૧૧૫.૬૭ |
| ૬ | બ્લડ શેફટી | - | ૨૪.૦૦ | ૨૪.૦૦ |
| | **કુલ** | **૫૭૩.૮૭** | **૧૩૯.૮૬** | **૭૧૩.૬૪** |

ઉપર દર્શાવેલ મંજુર થયેલ વાર્ષિક જોગવાઈમાથી શહેરની વિવિધ એજન્સી / સ્વૈચ્છિક સંસ્થાઓને નીચે દર્શાવ્યા પ્રમાણેની વિગત મુજબ મંજુર થયેલ વાર્ષિક ગ્રાન્ટની સામે દર્શાવેલ રકમ મુજબ ફાળવણી / વહેંચાણી કરવામાં આવે છે.

| ક્રમ | સંસ્થાનું નામ | મંજુર થયેલ વાર્ષિક ગ્રાન્ટ વર્ષ ૨૦૧૪-૧૫ |
|---|---|---|
| ૧ | કોર્મશીયલ સેકસ વર્કર માટે (૨ પ્રોજેકટ) | ૮૧.૦૩ |
| ૨ | એમ.એસ.એમ.માટે (૩ પ્રોજેકટ) | ૯૪.૧૪ |
| ૩ | માઈગ્રન્ટ | ૨૩.૨૫ |
| ૪ | આઈ.ડી.યુ. ( ૧ પ્રોજેકટ) | ૧૮.૩૧ |
| ૫ | ટ્રકર્સ (૨ પ્રોજેકટ) | ૩૮.૬૬ |

## પ્રકરણ - ૧૩

## નિયમ સંગ્રહ - ૪ -ખ-૧૨

### ફાળવેલ રકમો અને સેવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો સહિત આર્થિક સહાય કાર્યક્રમોની અમલ બજવણી ની રીત :-

એચઆઈવી/એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ અંગેની વિવિધ પ્રવૃતિઓને કામગીરી માટે ફાળવવામાં આવતી રકમો, ભારત સરકાર, નવી દિલ્હીના નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન તરફથી નકકી કરાયેલ માપદંડ અને મળતી રહેતી સુચનાઓ / પરિપત્રોને આધીન નાણાંકીય ફાળવણી, આ કાર્યક્રમ સાથે સંકળાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓને ફાળવવામાં આવે છે. આર્થિક સહાય- નાણાંકીય ગ્રાન્ટ જે તે સંસ્થા માટે નકકી કરતાં પહેલા સંસ્થા તરફથી મળેલ દરખાસ્ત સંદર્ભએ આ સોસાયટી સાથે સંકળાયેલ પ્રોજેકટ સપોર્ટ યુનિટના ક્ષેત્રીય અધિકારીઓને આવી સંસ્થાઓની મુલાકાત લઈ જે તે સંસ્થા, નાણાંકીય ગ્રાન્ટ મેળવવા જરૂરી પાત્રતા ધરાવે છે કે કેમ તે અંગેની સ્થળ ઉપર જ ચકાસણી કરીને આખરી નિર્ણય લઈ ફાળવણી કરવામાં આવે છે. આ ફાળવણી પ્રમાણે જે તે સંસ્થા કાર્યક્રમના અમલીકરણ માટે નીતિનિયમો અનુસાર ખર્ચ કરે છે અને ફાળવેલ ગ્રાન્ટમાંથી થયેલ ખર્ચના અસલ વાઉચરો જેના સંપૂર્ણ હિસાબ સહીત, પ્રોજેકટ સપોર્ટ યુનિટના અધિકારીઓ દ્વારા ચકાસાણી કરાવીને તેઓના અભિપ્રાય સાથે સોસાયટીમાં રજુ કરાય છે. જેની આખરી ચકાસણી ઓડીટ અને ફાઈનાન્સ યુનિટના અધિકારીઓ - કર્મચારી ગણ દ્વારા થાય છે. આ સમ્રગ પ્રકિયાના નાકો, નવી દિલ્હી ની ગાઈડ લાઈન અને વખતો વખત મળતી રહેતી સુચના -પરિપત્રોને આધીન હાથ ધરાવે છે.

## પ્રકરણ - ૧૪

## નિયમ સંગ્રહ - ૪ -ખ-૧૩

### આપેલ છુટછાટો, પરવાનગી ઓ અથવા અધિકૃતિઓ મેળનારાની વિગત :-

એચઆઈવી/એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ અંગેની વિવિઘ પ્રવૃતિઓ માટે નકકી કરાયેલ માપદંડ કે સુચનાઓમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાને છુટછાટો આપવામાં આવેલ નથી. જેથી તેવી પરવાનગીઓ કે અધિકૃતિઓ મેળવનારાની કોઈ વિગતો પ્રસ્તુત કરાયેલ નથી.

## પ્રકરણ - ૧૫

## નિયમ સંગ્રહ - ૪ -ખ-૧૪

### ઈલેકટ્રોનીક સ્વરૂપમાં તેને ઉપલબ્ધ અથવા તેણે ધરાવેલ માહિતીને લગતી વિગતો :-

પ્રકરણ -ર હેઠળ સંગઠનની વિગતો, કાર્યો અને ફરજોમાં કરેલ વિવિધ યોજનાઓ અંગેના કાર્યક્રમો હાથ ધરવા માટે એઈડઝ નિયંત્રણ કાર્યક્રમ-ભારત સરકાર, નવી દિલ્હી હસ્તકના નાકો નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન દ્વારા દરેક વિષયક નકકી થયેલ ગાઈડલાઈન અનુસાર કામગીરી હાથ ધરવામાં આવે છે અને આવા કિસ્સાઓ પૈકી નીતિ વિષયક નિર્ણયો માટે ગર્વનીગ બોડીની બેઠકમાં રજુ કરવામાં આવે છે.

## પ્રકરણ - ૧૬

## નિયમ સંગ્રહ - ૪ -ખ-૧૫

**જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય તો તેવા ગ્રંથાલય અથવા તેના વાંચનલયના કામકાજના કલાકો સહિતની માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો :-**

એચઆઈવી/એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમને લગતી વિવિધ પ્રવૃતિઓ અને જાણકારી નાગરિકોને મળી રહે તે માટે શહેરમાં નિશુલ્ક હેલ્પ લાઈન -૧૦૫૧ ઉપલબ્ધ છે. જે નંબર ઉપરથી એચઆઈવી/એઈડ્સ અંગેની જાણકારી મેળવી શકાય છે.

તદઉપરાંત દૈનિક સમાચાર પત્રો આકાશવાણી અને દુરદર્શનના માધ્યમથી પ્રસંગોપાત જાહેરાતો આપીને જનસમુદાયને જાણકારી આપવામાં આવે છે.

માટે ગર્વનીગ બોડીની બેઠકમાં રજુ કરવામાં આવે છે.

## પ્રકરણ - ૧૭

## નિયમ સંગ્રહ - ૪ -ખ-૧૬

**જાહેર માહિતી અધિકારીઓના નામો , હોદ્દાઓ અને બીજી વિગતો :-**

અમ.મ્યુનિ.કોર્પો- એઈડ્સ કંટ્રોલ સોસાયટીમાં જાહેર માહિતી અધિકારી તરીકે નીચે દર્શાવેલ અધિકારીને જાહેર કરવામાં આવેલ છે. તેઓનું સરનામું અને ફોન નંબર , નીચે પ્રમાણે છે.

**પ્રોજેકટ ડાયરેકટરશ્રીની કચેરી**

**અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી**

**લાલ બંગલાની પાછળ, નવરંગપુરા ટેલીફોન એક્ષચેન્જની પાસે**

**સી.જી.રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬**

**ફોન નંબર (૦૭૯) ૨૬૫૬૪૨૮૧, ૨૬૪૬૮૬૫૬**

**ફેકસ નંબર ઃ (૦૭૯) ૨૬૪૦૯૮૫૭**

**Email :- ahmedabadmacs@gmail.com**

## પ્રકરણ - ૧૮

## નિયમ સંગ્રહ - ૪ -ખ-૧૭

**ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી પ્રસિધ્ધ કરવી જોઈશે અને ત્યારપછી દર વર્ષ આ પ્રસિધ્ધિઓને અઘયન કરવી જોઈશે :-**

એચઆઈવી/એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ સંલગ્ન જરૂરી તમામ માહિતીનો પ્રકરણ -૧ થી ૧૭ હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે. તેમાં નવી કોઈ યોજના કે પ્રોજેકટનો ઉમેરો થશે તેવા સંજોગોમાં તેને સંલગ્ન માહિતીનો ઉમેરો કરી સુધારેલ આવૃતિ પ્રસિધ્ધ કરવામાં આવશે.